**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮-૮-૦૮ ને ગુરુવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૧ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | કમિશ્નરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | સીટી એન્જીયરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | નાણાંકીય સલાહકારશ્રી,<br>શહેરી વિકાસ અને<br>શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>ગાંધીનગર | : | એસોસીએટ સભ્યશ્રી |
| (૫) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

આ ઉપરાંત બેઠકમાં મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય વતી શ્રી આર.બી.ગરીયા, નગર નિયોજકશ્રી, નડીઆદ હાજર રહેલ હતા.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર (૧) :** સત્તામંડળની તા.૧૬/૫/૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા. ૧૬-૫-૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૫૮૦/૨૦૦૮ તા. ૦૭-૦૬-૨૦૦૮ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૧૮):** સત્તામંડળની તા.૧૬-૦૫-૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૧-૨-૦૮ ની ૧૯૯ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧-૨-૦૮ ની ૧૯૯ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૧૯):** સત્તામંડળની તારીખ ૧-૨-૦૮ ની ૧૯૯ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (3) : સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૦૮ થી જુન- ૨૦૦૮ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૦૮ થી જુન-૨૦૦૮ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવા માં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૨૦):** સત્તામંડળના માહે એપ્રિલ-૨૦૦૮ થી જુન-૨૦૦૮ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૪) : સત્તામંડળના તારીખ ૧/૪/૨૦૦૭ થી ૩૧/3/૨૦૦૮ સુધીની પ્રવૃત્તિઓનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના તારીખ ૧/૪/૨૦૦૭ થી ૩૧/3/૨૦૦૮ સુધીની પ્રવૃત્તિઓનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા હિસાબો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૨૧):** સત્તામંડળના તારીખ ૧/૪/૨૦૦૭ થી ૩૧/3/૨૦૦૮ સુધીની પ્રવૃત્તિઓનો વાર્ષિક વહીવટી અહેવાલ તથા હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદદા નંબર (૫) : માધવ લેબર સપ્લાયર દ્વારા લેવાતી સેવાઓની મુદત માં વધારો કરવા બાબત

સત્તામંડળની તા. ૨૪/૩/૨૦૦૦ ની ૧૬૧ મી બેઠકના ઠરાવ ક્રમાંક ૧૩૭૨ અન્વયે સત્તામંડળની વિવધ કામગીરી માટે કોન્ટ્રાકટ બેઝથી જગાઓ ભરવા માટે ઠરાવવામાં આવેલ છે. તે અન્વયે સતામંડળના વકીલશ્રી એ હ્યુમન રીર્સોસ આપતી કંપનીઓ સાથે કોન્ટ્રાકટ કરી સેવાઓ ઉપલબ્ધ કરવા સલાહ આપતાં અત્રેથી માધવ લેબર સપ્લાયર્સ મારફ્તે પ્રથમ તબક્કે તા. ૧૬/૨/૦૧ થી ૬ માસ માટે ત્રણ કોમ્પ્યુટર ઓપરેટર ની સેવાઓ લેવામા આવેલ.ત્યારબાદ મળેલ **નોંધ પરની** મંજૂરીઓ અન્વયે માધવ લેબર ની સેવાઓ જાન્યુઆરી ૨૦૦૫ પછી ચાલુ રાખવામાંઆવેલ છે.

હાલમાં સત્તામંડળમાં કૂલ ૮ (આઠ) કોમ્પ્યુટર ઓપરેટર, ૨ (બે) ઓટોકેડ ઓપરેટર, ૨ (બે) સર્વેયર તથા ૧ (એક) માળી મળી કૂલ ૧૩ કામદારો ની સેવાઓ માધવ લેબર સપ્લાયર્સ મારફ્તે લેવામાં આવે છે જે અંગે તેઓને નીચે દર્શાવેલ વિગતે ૮ (આઠ ) કલાકની કામગીરી માટે ચુકવણું કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | દૈનિક રોજ | લઘુતમ વેતન ધારા મુજબ (હાલમાં રૂ. ૧૨૧.૫૦) |
| ૨. | સર્વિસ ચાર્જ | ૧૨% |
| ૩. | પી.એફ. ચાર્જ | ૧૩.૬૧% |
| ૪. | ઈ.એસ.આઈ. | ૪.૭૫% |
| ૫. | બોનસ ચાર્જ | ૮.૩૩% |

તદઉપરાંત ૧૨% સેલટેક્ષ, એજ્યુ.સેસ ૨% તથા હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ ૧% મુજબના દરે સરકારશ્રીના નિયત ટેક્ષનું ચુકવણું કરવામાં આવે છે.

માધવ લેબર સપ્લાયર્સ દ્વારા અત્રેથી રાખેલ તમામ કામદારોને સર્વિસ ચાર્જ ૧૨% ની રકમ સિવાય ના તમામ ચાર્જનું ચુકવણું નિયમિત રીતે કરતા હોવાનું રજુ થતા બીલો/રસીદો આધારે જણાઇ આવે છે.વધુમાં ભવિષ્યમાં સત્તામંડળની સિવિલ તેમજ અન્ય કામગીરી માટે પણ અન્ય કામદારો ની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ છે.

ઉપરોકત વિગતો જોતા વુડા ખાતે માધવ લેબર સપ્લાયર્સ સેવાઓ સંતોષકારક જણાયેલ છે જેથી તેઓની સેવાઓ ચાલુ રાખવી હિતાવહ જણાતી હોઈ સત્તામંડળની વિવિધ કામગીરી માટે માધવ લેબર સપ્લાયર્સ મારફ્તે સેવાઓ લેવામાં આવે છે, તેને વધુ કેટલા સમય માટે ચાલુ રાખવી તે માટે **ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૨૨):</u> વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયર્સની સેવાઓ વધુ ૧૧ માસ માટે એટલે કે જુલાઈ ૨૦૦૯ સુધી ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તેમજ આ અંગેની આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુ.કા.અ.શ્રીને સુપ્રત કરવામાં આવી.**

**મુદ્દા નંબર (૬) : કારેલીબાગ વુડા બિલ્ડીંગની બહાર એલ.એન્ડ.ટી સર્કલ ને ફરતે રોડ ડીવાઈડર ઉપર મુકવામાં આવેલ ઐતહાસિક પ્રતિમાંઓની આજુબાજુ કરવામાં આવેલ રેલીંગ કામ અંગે થયેલ વધારાનો ખર્ચ મંજુર કરવા બાબત.**

કારેલીબાગ ખાતે બાંધવામાં આવેલ વુડા ભવન બિલ્ડીંગને અડીને બહારના ભાગમાં ફુટપાથ અને કમ્પાઉન્ડ વોલની વચ્ચેની જગ્યા ઉપર લારી ગલ્લા કે અન્ય દબાણ ન થાય તથા વુડા ભવન બિલ્ડીંગની ભવ્યતા જળવાય રહે તે હેતુથી રેલીંગ કામ તથા ગાર્ડનીંગનુ કામ રૂા.ર.૫૭ લાખના ખર્ચે અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૪ તા.૨૩/૬/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક ૧૮૨૭ માં મળેલ મંજુરી મુજબ કરવામાં આવેલ હતુ. તેજ પ્રકારે એલ એન્ડ ટી સર્કલની ચારે બાજુના રસ્તાઓના રોડ ડીવાઈડર ઉપર શ્રી નરસિંહ મહેતા, શ્રી મહર્ષિ અરવિંદ, શ્રી કવિ નર્મદ તથા શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ ની પ્રતિમાઓ મુકવામાં આવેલ છે. તેની ફરતે આજ ડીઝાઈન મુજબની રેલીંગ કરવામાં આવે તો સર્કલની ભવ્યતામાં ખૂબજ વધારો થાય તેમ હોવાથી આ બાબતનો મુદ્દો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૯ તા.૧/૨/૨૦૦૮ ના રોજની મીટીંગના મુદ્દા નં. (૯) મુજબ રજુ કરાતાં તેનાં ઠરાવ ક્રમાંક-૧૯૯૧ મુજબ લેવાયેલ નીર્ણય મુજબ વુડા દ્વારા અગાઉ બનાવવામાં આવેલ રેલીંગની ડીઝાઈન મુજબ ૨૫ એમ.એમ. ' ૨૫ એમ.એમ. ની એમ એસ. પાઈપ રેલીંગ કરાવવાના કામને તથા તે અંગે થનાર ખર્ચ રૂા.ર.૩૬ લાખ ના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ હતી. જે મુજબ સદર કામગીરી કરાવવા અંગે ઈજારદાર નક્કી કરવા જાહેર અખબારોમાં નિવિદા આપી ઓફરો મંગાવવામાં આવેલ હતી. જેમાં સૌથી ઓછા ભાવ આપનાર ઈજારદાર મે. શરદ આર. પ્રજાપતિને નેગોશીએસન બાદ અંદાજીત રકમ કરતા ૨૫% ઉંચા ભાવથી કામગીરી સોંપવામાં આવેલ હતી. જે કામગીરી તેઓ દ્વારા પૂર્ણ કરેલ છે. જેમાં કામ પૂર્ણ થતાં રૂા.ર.૯૩ લાખ નો ખર્ચ થયેલ છે. આમ સદર કામ અંગે મંજુર કરેલ રૂા.ર.૩૬ લાખની સામે રૂા.ર.૯૩ લાખના થયેલ ખર્ચ મુજબ રૂા.૦.૫૭ લાખનો ખર્ચ વધુ થયેલ છે. જેની બહાલી અંગેનો મુંદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૨૩) :</u>** કારેલીબાગ, એલ.એન્ડ.ટી સર્કલ ફરતે આવેલ પ્રતિમાંઓની આજુબાજુ કરવામાં આવેલ રેલીંગ કામ અંગે થયેલ વધારાનો ખર્ચ રૂા.૦.૫૭ લાખ સહીત થયેલ કુલ ખર્ચ રૂા.ર.૯૩ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૭) : ૫૯ માં વનમહોત્સવ નિમીતે વુડા દ્વારા ટ્રી ગાર્ડ સપ્લાય કરવા તથા વાયરફેન્સીંગના કામ કરાવવા બાબત.**

વનીકરણની પ્રવૃતિને વેગ મળે તે હેતુથી વુડા દ્વારા દર ચોમાસા દરમ્યાન ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનુ / વનીકરણ કરેલ પ્લોટને ફરતે વાયરફેન્સીંગની કામગીરી કરાવવામાં આવે છે. સન-૨૦૦૮ દરમ્યાન સરકારશ્રી દ્વારા ૫૯ મો વનમહોત્સવ ઉજવવાનુ નકકી કરેલ છે. તે અંતર્ગત વુડાને ૧૦ હજાર રોપાઓના પ્લાન્ટેશનનો લક્ષ્યાંક આપવામાં આવેલ છે. જે અંતર્ગત વુડા વિસ્તારમાં તથા વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં આવતી જાહેર સંસ્થાઓ, સ્કુલો, કોલેજો, હોસ્પીટલો, ગ્રામપંચાયતો, સરકારી સંસ્થાઓમાં ટ્રી ગાર્ડ વિના મુલ્યે આપવાનુ નકકી કરવામાં આવેલ હતુ. જે અંગેનો ઈજારો આપવા જાહેર અખબારોમાં નિવિદાઓ આપી ઓફરો મંગાવતા સૌથી ઓછા ભાવ આપનાર મે. અરીહંત ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદને રૂા.૫૬૭/- પ્રતિ નંગ મુજબ કુલ ૧૦૦૦ નંગ ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનો ઓર્ડર આપવામાં આવેલ હતો. જેમાં ગ્રામપંચાયતો, સ્કુલો તથા અન્ય સંસ્થાઓ દ્વારા કુલ ૫૬૪૫ નંગ ટ્રી ગાર્ડની ડીમાન્ડ આવેલ હતી. જેની સામે ૧૦૦૦ નંગ ટ્રી ગાર્ડની ફાળવણી કરવામાં આવેલ હતી. આમ છતાં વધુ ડીમાન્ડ આવતા બીજા ૧૫૦ નંગ મળી કુલ ૧૧૫૦ નંગ ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનો ફાઈનલ ઓર્ડર મે. અરીહંત ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવેલ છે. જે મુજબ તેઓ દ્વારા બતાવેલ સ્થળે ટ્રી ગાર્ડ સપ્લાય કરેલ છે. જે અંગેનો કુલ ખર્ચ રૂા.૬૫૨૦૫૦/- થાય તેમ છે.

આ ઉપરાંત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એજન્સી, વડોદરા (ગુજરાત સરકારનુ જાહેર સાહસ) દ્વારા વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં આવેલ સમા ગામના રેસીડેન્સીયલ સર્વે નં.૬૦૨, ૬૦૩ પૈકીમાં આવેલ ટી.પી. ૧ ના એફ.પી. નં.૮૬, ૮૯ અને ૯૦ ની જમીન જે દીંરૂદૐ હસ્તકછે તેમાં પ્લાન્ટેશન કરવાની ઈચ્છા દર્શાવતા, તેમાં અંદાજે - ૬૦૦૦ નંગ રોપાઓનુ પ્લાન્ટેશન કરી શકાય તેમ હોવાથી તેઓ સાથે સંયુકત રીતે વનીકરણની કામગીરી કરવાનુ નકકી થયેલ. જેમાં વાયરફેન્સીંગનુ કામ વુડા દ્વારા કરવાનુ તથા વનીકરણની કામગીરી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એજન્સી, વડોદરા (ગુજરાત સરકારનુ જાહેર સાહસ) દ્વારા કરવાનુ નકકી થયેલ હતુ. તદઉપરાંત વેમાલી ટી.પી. સ્કીમ અને પાદરા ટી.પી. સ્કીમમાંના વુડાની માલીકીના પ્લોટો તથા અન્ય વુડા હસ્તકના પ્લોટો ફરતે વાયર ફેન્સીંગની કામગીરી કરાવવાની હોવાથી તે માટે જાહેર અખબારોમાં નિવિદા આપી ઓફરો મંગાવવામાં આવેલ હતી. તે પૈકી સૌથી ઓછી ઓફર આપનાર શ્રીઉન્નત પી. શાહ, વડોદરાને રૂા.૨૨૧/- પ્રતિ રનીંગ મીટરના ભાવથી વાયરફેન્સીંગ કરવા અંગેની કામગીરી સોંપવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ તબકકામાં વનીકરણના કામ અર્થે ગીરડા ના સદર પ્લોટોમાં વાયરફેન્સીંગ કરવાનુ કામ તેઓને સોંપવામાં આવેલ છે. જેમાં અંદાજે રૂા.૨૯૦૦૦૦/- નો ખર્ચ થાય તેમ છે.

આમ ઉપરોકત વિગતે સરકારશ્રીના ૫૯ માં વનમહોત્સવ નિમિતે પ્રથમ તબકકામાં વુડા દ્વારા કરવામાં આવી રહેલ વનીકરણની કાર્યવાહી પેટે ટ્રી ગાર્ડ અંગે રૂા.૬૫૨૦૫૦/- તથા વાયરફેન્સીંગના કામ અંગે રૂા.૨૯૦૦૦૦/- મળી કુલ રૂા.૯૪૨૦૫૦/- નો ખર્ચ થાય તેમ છે. આમ પ્રથમ તબકકામાં કરવામાં આવી રહેલ વનીકરણ અંગેની કામગીરી તથા તેના ખર્ચની બહાલી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૨૪) :</u>** વનીકરણના પ્રોગ્રામ અંતર્ગત ઉપરોકત વિગત મુજબ કુલ ૧૧૫૦ ટ્રી ગાર્ડ તથા ત્યારબાદ બીજા ૧૦ નંગ સપ્લાય કરવાના થતા કુલ ૧૧૬૦ નંગ ટ્રી ગાર્ડ સપ્લાય કરવા અંગે થયેલ કુલ ખર્ચ રૂા.૬૫૭૭૨૦/- તથા સમા ખાતે આવેલ ગીરડાના ઉપરોકત વિગતો મુજબના ત્રણ પ્લોટો ફરતે કરવામાં આવેલ વનીકરણના કામ અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨૯૦૦૦૦/- મળી કુલ રૂા૯૪૭૭૨૦/- (અંકે રૂા. નવ લાખ સુડતાલીસ હજાર સાતસો વીસ પુરા) ના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૮) : અટલાદરા ખાતે ૪૫૮ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના (માધવનગર) ખાતે આર.સી.સી. રોડ બનાવવાની કામગીરી.**

મા.મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો ઉપલબ્ધ કરાવવાના હેતુસર વુડાને આપવામાં આવેલ લક્ષ્યાંક અન્વયે અટલાદરા ખાતે સર્વે નં.૪૮ ઉપર ૪૫૮ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનાનુ આયોજન કરવામાં આવેલ હતુ. સદર આવાસોમાં નેશનલ હાઉસીંગ બેન્કમાં લાભાર્થીઓ માટે લોન મેળવવા રજુ કરેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ સદર સ્કીમમાં રોડની સુવીધા આપવાની થાય છે. સદર આવાસ યોજના સને- ૨૦૦૨ માં પૂર્ણ થયેલ હતી. તે સમયે વુડાની દરેક સ્કીમોમાં રોડ બનાવવા માટે જાહેરાત આપી ઈજારદાર નકકી કરવા ટેન્ડર ઓફર મંગાવી, વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલ હતો. પરંતુ જે તે સમયે સદર સ્કીમમાં પાણી અને આંતરીક ડ્રેનેજની કામગીરી ટુંક સમયમાંજ શરૂ થવાની હોય, તે પૂર્ણ થયા બાદ રોડની કામગીરી શરૂ કરવનુ નકકી થયેલ હતુ. પરંતુ તે કામોમાં વીલંબ થતા રોડની કામગીરી આ સ્કીમમાં મુલત્વી રાખવામાં આવેલ હતી. ત્યારબાદ વડોદરા મહાનગર સેવાસદન દ્વારા વુડાની ભાગીદારીમાં પ્રમુખ સ્વામી હોસ્પીટલથી સાઈટ સુધી અંદાજે ૨.૦૦ કી.મી. પાણીની પાઈપ લાઈનનો રૂા.૬૯.૮૧ લાખના ખર્ચે તથા વુડા દ્વારા આંતરીક ડ્રેનેજ અને તેના જોડાણની કામગીરી મળી બન્ને કામગીરીઓ કરવામાં આવેલ હતી. જે સન-૨૦૦૫ માં પૂર્ણ થયેલ હતી. ત્યારબાદ લાભાર્થીઓને આવાસોનુ પઝેશન આપવાનુ શરૂ કરેલ હતુ. હાલમાં મોટાભાગના લાભાર્થીઓને પઝેશન સોંપી દેવામાં આવેલ હોવાથી તથા તેઓ તબકકાવાર રહેવા પણ આવતા હોવાથી સદર આવાસ યોજનામાં રોડની સુવીધા આપવી પડે તેમ છે. સદર સ્કીમની આજુબાજુમાં સોસાયટીઓ ડેવલોપ થયેલ છે અને તેઓ દ્વારા પણ તેઓની સોસાયટીઓ માટે એપ્રોચ રોડ બનાવેલ છે. તે રોડના લેવલને લક્ષ્યમાં લેતાં, ઈ.ડબલ્યુ.એસ. સ્કીમના આંતરીક રસ્તાઓનુ લેવલ પણ ઉંચુ રાખવુ પડે તેમ છે. જેના કારણે બ્લોકના પાર્કીંગમાં પાણી ન ભરાઈ તે માટે રેમ્પ બનાવી આર.સી.સી. રોડ બનાવવો પડે તેમ છે. તે અંગે સરકારશ્રીના વર્ષ ૨૦૦૭-૦૮ ના એસ.ઓ.આર. ભાવો પ્રમાણે અંદાજીત રૂા.૮,૪૮,૮૦૦/- નો ખર્ચ થાય તેમ છે. સદર સ્કીમમાં આર.સી.સી. રોડ બનાવવા તથા તે અંગેના અંદાજી ખર્ચ બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૨૫) :</u>** અટલાદરા ખાતે શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ ૪૫૮ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનામાં આંતરીક આર.સી.સી. રોડ તથા બ્લોકના પાર્કીંગમાં વરસાદી પાણી ન ભરાય તે માટેના રેમ્પ બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૮,૪૮,૮૦૦/- ને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૯) : વુડા વિસ્તારમાં કરવામાં આવતા કામો અંતર્ગત કરોડીયા ગામથી પેટ્રોફીલ્સ રોડ જતા ડી.પી. રોડ કરવાના કામ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડાની હદમા આવતા ગામોમાં ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મુખ્યત્વે રોડના કામો કરાવવામાં આવે છે. જેમાં ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ તથા સ્થાનીક રહીસો ધ્વારા કરવામાં આવતી રજુઆતોને ધ્યાનમાં લઈ કામો કરાવવામાં આવે છે. મા.ધારાસભ્યશ્રી મધુભાઈ શ્રીવાસ્તવ તથા સ્થાનીક રહીસો ધ્વારા કરોડીયા ગામથી પેટ્રોફીલ્સ રોડ, જતો ડીપી રોડ (જે ખોડીયાર પાર્ક લક્ષ્મીનારાયણ નગર વિગેરે માંથી પસાર થાય છે.) અંદાજે ૭૭૦ મીટર થાય છે. તેને કાર્પેટ રોડ બનાવી આપવાની માંગણી કરેલ છે. સદર રોડ ડી.પી. રોડ હોય અને આ રસ્તાઉપર ઘણી સોસાયટીઓ હોય, સદર સોસાયટીના રહીસો તેમજ કરોડીયા ગામના રહીસોને પેટ્રોફીલ્સ તરફ જવામાં ખુબજ સુવિધા થાય તેમ છે. સદર ૭૭૦ મીટર લંબાઈના રસ્તાને ૩.૫ મીટર પહોળાઈનો રોડ બનાવવા અંગે અંદાજીત ખર્ચ રૂા.૧૪૨૮૦૦૦/- (અંકે રૂા ચૌદ લાખ અઠાવીસ હજાર પુરા) થાય તેમ છે. જેમાં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સન ૨૦૦૭-૦૮ ના એસ.ઓ.આર. ભાવો લેવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે મા. ધારાસભ્યશ્રી તથા સ્થાનીક રહીશોની રજુઆતને ધ્યાને લઈ કરોડીયા ગામથી પેટ્રોફીલ્સ રોડ જતો ડી.પી. રોડ બનાવવા માટે તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ બાબતનો મુંદદો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૨૬) :** મા. સંસદ સભ્યશ્રી, મા.ધારાસભ્યશ્રી તથા સ્થાનીક રહીશોની રજુઆતોને ધ્યાનેલઈ સદર કામગીરી કરાવવી યોગ્ય જણાતા કરોડીયા ગામથી પેટ્રોફીલ્સ રોડ જતો ડી.પી. રોડ બનાવવાના કામને તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૪૨૮૦૦૦/- (અંકે રૂા ચૌદ લાખ અઠાવીસ હજાર પુરા) ને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર(૧૦) : વુડા વિસ્તારમાં કરવામાં આવતા કામો અંતર્ગત ઉંડેરા ગામના સ.નં. માં આવેલ સરોજ પાર્ક વિભાગ - ૧, વિભાગ-૨, ઉમેદ પાર્ક વિગેરેમાંથી પસાર થતો ડી.પી. રોડ કરવાના કામ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડાની હદમા આવતા ગામોમાં ડેવલોપમેન્ટના કામો અંતર્ગત મુખ્યત્વે રોડના કામો કરાવવામાં આવે છે. જેમાં ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ તથા સ્થાનીક રહીસો ધ્વારા કરવામાં આવતી રજુઆતોને ધ્યાનમાં લઈ કામો કરાવવામાં આવે છે. મા. સંસદ સભ્યશ્રી જયાબેન ઠકકર, મા.ધારાસભ્યશ્રી મધુભાઈ શ્રીવાસ્તવ તથા સ્થાનીક રહીસો ધ્વારા ઉંડેરા ગામના સ.નં. માં આવેલ સરોજ પાર્ક વિભાગ - ૧, વિભાગ-૨, ઉમેદ પાર્ક વિગેરેમાંથી પસાર થતો ડી.પી. રોડ જે અંદાજે ૫૧૪ મીટર થાય છે. તેને કાર્પેટ રોડ બનાવી આપવાની માંગણી કરેલ છે. સદર રોડ ડી.પી. રોડ હોય અને આ રસ્તાઉપર ઘણી સોસાયટીઓ આવેલ હોય, સદર સોસાયટીના રહીસોને ગોરવા રીફાઈનરી રોડ ઉપર જવામાં ખુબજ સુવિધા થાય તેમ છે તથા સદર રોડ ઉપર ચોમાસા દરમ્યાન વરસાદી પાણી જમા થવાના કારણોસર સદર રોડ કાર્પેટ રોડના બદલે આર.સી.સી. નો રોડ બનાવવા યોગ્ય જણાય છે. જેથી સદર ૫૧૪ મીટર લંબાઈના રસ્તાને ૩.૫ મીટર પહોળાઈનો રોડ બનાવવા અંગે અંદાજીત ખર્ચ રૂા.૧૦૫૭૦૦૦/- (અંકે રૂા દશ લાખ સત્તાવન હજાર પુરા) થાય તેમ છે. જેમાં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સન ૨૦૦૭-૦૮ ના એસ.ઓ.આર. ભાવો લેવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે મા. સંસદ સભ્યશ્રી, મા. ધારાસભ્યશ્રી તથા સ્થાનીક રહીશોની રજુઆતને ધ્યાને લઈ ઉંડેરા ગામના સ.નં. માં આવેલ સરોજ પાર્ક વિભાગ - ૧, વિભાગ-૨, ઉમેદ પાર્ક વિગેરેમાંથી પસાર થતો ડી.પી. રોડ બનાવવા માટે તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ બાબતનો મુંધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૨૭)** : મા. સંસદ સભ્યશ્રી, મા.ધારાસભ્યશ્રી તથા સ્થાનીક રહીશોની રજુઆતોને ધ્યાનેલઈ સદર કામગીરી કરાવવી યોગ્ય જણાતા ઉંડેરા ગામના સ.નં. માં આવેલ સરોજ પાર્ક વિભાગ - ૧, વિભાગ-૨, ઉમેદ પાર્ક વિગેરેમાંથી પસાર થતો ડી.પી. રોડ બનાવવાના કામને તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧૦૫૭૦૦૦/- (અંકે રૂા દશ લાખ સત્તાવન હજાર પુરા) ને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૧૧) : વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના "સ્માર્ટ ગોલ્સનું આયોજન કરવા બાબત.**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણણ વિભાગ દ્ધારા વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના "સ્માર્ટ ગોલ્સ" ની વિગતો પાઠવી સૌના પ્રભાગને લાગુ પડતા "સ્માર્ટ ગોલ્સ" ની સિધ્ધિ મેળવવા માટેનુ આયોજન કરી નિયમીત રીતે દર માસે તેની સમીક્ષા કરી દર મહીને થઈ રહેલ પ્રગતિથી વિભાગને અવગત કરવા જણાવેલ છે. આ સ્માર્ટ ગોલ્સ મુદ્દા નં.૮ અને મુદ્દા નં.૧૦ શહેરી વિકાસ સત્તામંડળને લાગુ પડે છે. જે નીચે મુજબ છે.

(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં ઓટો ડી.સી.આર.મુજબ બિલ્ડીંગ પ્લાન મંજુર કરવા.
(૨) શહેરી વિકાસ સત્તામંડળના તમામ વિસ્તારમાં નવા બનતા ૫૦૦.૦ ચો.મી. થી મોટા બિલ્ડીંગ યુનિયમાં વરસાદી પાણીના સંચયની અસરકારક વ્યવસ્થા કરવી.

ઉપરોકત પેરા (૨)અંગે વુડાના પ્રવર્તમાન તથા દ્ધિતિય મુસધ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાના જી.ડી.સી.આર માં નિયમો આમેજ કરેલ જ છે. જયારે કે મુદ્દા નં.૧ અંગે ઓટો જી.ડી.સી.આર. પ્રમાણે પ્લાન મંજુર કરવાની પધ્ધતિ વુડા દ્ધારા અપનાવવાની થાય છે. આ અંગે જરૂરી સોફ્ટવેર તૈયાર કરાવવા તથા તે અંગે ટેકનીકલ સ્ટાફને જરૂરી ટ્રેનીંગ આપવાની કામગીરી કરાવવાની થાય. આ કામગીરી માટે વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી ઓફરો મંગાવવા અને આ કામગીરી અંગે થનાર ખર્ચની મંજુરી આપવા અંગેનો મુદ્દો સત્તામંડળ બોર્ડ બેઠકમાં રજુ થતા ચર્ચા-વિચારણામાં સર્વે સભ્યશ્રીઓ દ્ધારા ખર્ચની મંજુરી આપી તે અંગેની સઘળી કામગીરી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>**ઠરાવ ક્રમાંક (૧૯૨૮):**</u> વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના "સ્માર્ટ ગોલ્સ" અન્વયે ઓટો ડી.સી.આર.મુજબ બિલ્ડીંગ પ્લાન મંજુર કરવા અંગેના સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા ઠરાવવામાં આવ્યુ. તથા આ અંગે આગળની સઘળી કામગીરી કરવા અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ તથા વુડા વિસ્તારમાં ૫૦૦.૦ ચો.મી. થી મોટા બિલ્ડીંગ યુનિટમાં વરસાદી પાણીના સંચયની કામગીરીનો ચુસ્ત પણે અમલ કરવા નક્કી કરવામાં આવ્યું.

**મુદ્દા નંબર(૧૨) :- ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીંયા દ્ધારા કરાયેલ ભલામણો મુજબ જી.ડી.સી.આરમાં આમેજ કરવા બાબત.**

વુડાની સરકારશ્રીમાં મંજુરી અર્થે કલમ-૧૬ હેઠળ સાદર કરેલ દ્ધિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજના સાથે સંલગ્ન જી.ડી.સીઆર માં ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીંયા દ્ધારા સુચવવામાં આવેલ સુધારા આમેજ કરવા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્ધારા પત્ર ક્રમાંક : વનમ / ૧૦૦૮ / જીઓઆઈ-૨/લ, તા.૧૧-૬-૦૮ થી જી.ડી.સી.આર સુધારવા જરૂરી દરખાસ્ત શહેરી વિકાસ વિભાગને મંજુરી માટે મોકલવા જણાવેલ છે.

શહેરી વિસ્તારોની ઈમારતોમાં બ્રોડ બેન્ડ અને કેબલ કનેકશનની સુવિધાઓ ઉપલબ્ધ કરવા તેમજ મોબાઈલ ટેલીફોન ટાવરો બાબતે ભારત સરકારના ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા એ કરેલ ભલામણો અન્વયે નીચેના બે સુચન પરત્વે કાર્યવાહી કરવાની થાય છે.

(૧) જે એપાર્ટમેન્ટ/ફ્લેટસ ટાઈપના આયોજન મંજુર કરવામાં આવે ત્યારે તેવી ઈમારતોમાં બાંધકામ થાય ત્યારે જ એક જ પોઈન્ટથી બ્રોડ બેન્ડ અને કેબલ કનેકશનની સુવિધા ઉપલબ્ધ થાય તે મુજબ આયોજન કરાવવું.
(૨) મોબાઈલ ટાવર માટે પરવાનગી આપતી વખતે આ ટાવર શહેરની સુંદરતા જળવાય રહે તે રીતના ક્રીટીકલ સાઈટ ઈન્ફ્રાસ્ટ્રકચર સાઈટ તરીકે નિર્દીષ્ટ કરી આ ટાવરો ત્રણથી ચાર કંપની વચ્ચે શેર થાય તે જોવા સુચન છે.

ઉપરોકત બાબતે જી.ડી.સી.આર માં આ અંગેની જોગવાઈ દાખલ કરવા નીચે મુજબના સુધારા જી.ડી.સી.આર માં સુચવવાના થાય છે.

**Clause No.17.24 :- Internal wiring for broad band**

All building to be constructed as multiple dwelling units/Apartments/Flats/ Commercial centers shall be provided by internal wiring ready for broad band and cable connection at a single point and shall be checked by the Authority at the time of issuing of the occupancy certificate.

**Clause No.21-11-(1)(A) shall replaced by following**

Location :- The telecommunication infrastructure tower shall be placed at critical infrastructure site as recommended by the competent Authority and the site shall be shared by at least three service providers.

ઉપરોકત સુધારાઓ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ જી.ડી.સી.આર.માં આમેજ કરવા આ મુદ્દો સત્તામંડળ બોર્ડ બેઠકમાં રજુ થતાં ચર્ચા-વિચારણામાં સર્વે સભ્યશ્રીઓ દ્ધારા ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્ધારા કરાયેલ ભલામણો મુજબ સુધારાઓ આમેજ કરવા પાત્ર હોઈ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ જી.ડી.સી.આર આમેજ કરવા સરકારશ્રીને દરખાસ્ત મોકલી આપવા મંતવ્ય હતુ જે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૨૯):-</u>** ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીંયા દ્ધારા કરાયેલ ભલામણો મુજબ જી.ડી.સી.આર માં સુચવવામાં આવેલ સુધારાઓ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ જી.ડી.સી.આર.માં આમેજ કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવા અને આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૩) : મોજે હરણી,કોટાલી,આમલીયારાની જમીનમાં ટ્રાન્સપોર્ટનગરના આયોજન બાબત.**

સત્તામંડળ દ્ધારા તૈયાર કરવામાં આવેલ પ્રથમ વિકાસ યોજનામાં તથા પ્રથમ પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે હરણી, કોટાલી, આમલીયારાની લગભગ ૫૪ હેકટર જેટલી જમીનોમાં ટ્રાન્સપોર્ટ નગર માટે રીઝર્વેશન રાખવામાં આવેલ છે તથા આ જમીન સંપાદન કરવાની કાર્યવાહી વર્ષ ૧૯૮૯ થી શરૂ કરવામાં આવેલ હતી. જેમાં હાઈકોર્ટમાં કેસો થયેલ હતા. જેમા ંવુડાની જીત થયેલ છે. છેવટની સ્થિતિ મુજબ મોટા ભાગની જમીનો સંપાદન કરી આ જમીનોનો કબજો પણ સત્તામંડળ દ્ધારા મેળવવામાં આવેલ છે. જે તે હેતુ માટે મેળવેલ આ જમીનોનો ત્વરિત ઉપયોગ કરવામાં ન આવે તો દબાણની તથા અન્ય સમસ્યાઓ પણ ઉપસ્થિત થાય તેમ છે.

વડોદરાથી અમદાવાદ સુધી નેશનલ હાઈવે નં.૮ તથા એકસપ્રેસ-વે હાલ કાર્યરત છે તથા વડોદરાથી મુંબઈ સુધીનો સીકસ લેન રોડની કાર્યવાહી પ્રગતિમાં છે. વડોદરા મહાનગર પાલિકા વિસ્તારમાં તેમજ આજુબાજુના લાગુ વિસ્તારમાં રોડ ટ્રાન્સપોર્ટરોની અલગ-અલગ જગ્યાઓ પર અધિકૃત-બિનઅધિકૃત ગતિવિધિ ચાલે છે. આયોજન વગર અને છુટી-છવાયી રીતે ચાલતી ટ્રાન્સપોર્ટનગરની નાના પાયાની પ્રવૃતિઓને કારણે રસ્તા પર માલસામાન લઈ જતા ભારે તથા હલકા વાહનોનું પ્રમાણ વધેલ છે. જેના કારણે પેસેન્જર ટ્રાફીકને પહોચી વળવા માટેના વાહનોની ગતિવિધિ પર વિપરિત અસર થાય છે. વર્ષ ૧૯૯૪ માં સી.આઈ.આર.ટી દ્ધારા વડોદરા શહેર અને આજુ બાજુના વિસ્તાર માટે ટ્રાફીક અને ટ્રાન્સપોર્ટેશનના અભ્યાસ દરમ્યાન પણ સ્પષ્ટ રીતે આ સમસ્યાનો ઉલ્લેખ કરેલ હતો તથા તેઓએ આ સમસ્યાના નિકાલ માટે તેમના રીપોર્ટમાં વડોદરા હાલોલ રસ્તા ઉપર હરણી-કોટાલી આમલીયારાની જમીનો ઉપર ટ્રાન્સપોર્ટનગરનું આયોજન કરી અગ્રીમતાના ધોરણે અમલ કરવા સુચન કરેલ હતું.

આમ ટ્રાન્સપોર્ટનગરનો વિકાસ કરવા માટેની તાતી જરૂરીયાતને ધ્યાને લેતા ટ્રાન્સપોર્ટ નગરને વધુ સારી રીતે અને સમયમર્યાદામાં વિકાસ કરવા માટે સત્તામંડળ તથા જી.આઈ.ડી.બી.ની સંયુકત રાહબરી હેઠળ BOOT(PPP) પ્રકારની ખાનગીકરણની નીતીથી આ પ્રોજેકટ/યોજનાને વિકસાવવામાં આવે તો વિકાસ યોજનમાં જે નિતિથી ટ્રાન્સપોર્ટનગર માટે રીઝર્વેશન રાખેલ છે. તે નીતી ફલિત થાય અને લોકોને લાભ મળી શકે. આ અંગે અત્રેથી જી.આઈ.ડી.બી. ગાંધીનગરનો સંપર્ક કરવામાં આવતા તેઓ દ્ધારા હકારાત્મક પ્રતિભાવ આપેલ છે. તથા આ યોજના તૈયાર કરવા માટે વિધિવત દરખાસ્ત મોકલી આપવા જણાવેલ છે. જે પરત્વે પ્રથમ આ યોજનાનો ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવાનો થાય જેથી મહાનગર પાલિકા તથા આજુબાજુના વિસ્તારનો ટ્રાન્સપોર્ટ તેમજ સંલગ્ન ગતિવિધિઓ માટે સર્વે, ડીઝાઈન, એસ્ટીમેશન, ફીઝીબીલીટી એનાલીસસ, ફાઈનાન્સ, માર્કેટીંગ વિગેરે બાબતોનો સંપુર્ણ અભ્યાસ કરી આયોજન તથા ડીઝાઈન કરવાની કામગીરી હાથ ધરી શકાય. આથી ટ્રાન્સપોર્ટનગરની યોજનાને જી.આઈ.ડી.બી મારફત કાર્યરત કરવા અંગે દરખાસ્ત કરવા તથા જી.આઈ.ડી.બી. પાસે પ્રથમ તબક્કામાં ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા અંગે થનાર સંભવિત ખર્ચની મંજુરી અંગે જરૂરી ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે વુડા બોર્ડ સભ્યશ્રીઓ સમક્ષ મુદ્દો રજુ થતા આ બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી. ચેરમેનશ્રી દ્ધારા જણાવ્યા મુજબ સુચિત ટ્રાન્સપોર્ટનગરનો ઝડપ થી વિકાસ થશે તો નજીકના ભવિષ્યમાં નેશનલ હાઈવે નં.૮ પર આયોજન થનાર ગોલ્ડન કોરીડોરને પણ વેગ મળી શકે તેમ છે. તથા સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ કે જી.આઈ.ડી.બી.મારફત ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવાની કામગીરી જેમ બને તેમ ઝડપથી વધુમાં વધુ બે માસમાં પૂર્ણ થાય તે રીતે આયોજન કરવા જણાવી આ અંગેની દરખાસ્ત પાઠવી આપવા તથા તે અંગે થનાર સંભવિત ખર્ચ મંજુર કરવા સર્વે સભ્યશ્રીઓની સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવયુ.

**<u>ઠરાવ ક્રમાંક : (૧૯૩૦)</u>** મોજે હરણી, કોટાલી, આમલીયારામાં સ્થિત વુડાની માલિકીની ટ્રાન્સપોર્ટનગરની જમીનોમાં જીઆઈડીબી તથા વુડાની સંયુકત રાહબરી હેઠળ ખાનગીકરણની નીતીથી ટ્રાન્સપોર્ટનગરના વિકાસ માટે જીઆઈડીબી. મારફત બે માસમાં તૈયાર થાય તે રીતે ફીમીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવા તથા આ અંગે થનાર સંભવિત ખર્ચની મંજુરી આપવા અંગે તથા આગળની સઘળી કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવ્યું.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

*સહી/-*
*સભ્ય - સચિવ*
*વ*
*મુખ્ય કારોબારી અધિકારી*
*શહેરી વિકાસ સત્તામંડળ*
*વડોદરા.*

*સહી/-*
*અધ્યક્ષ*
*શહેરી વિકાસ સત્તામંડળ*
*વડોદરા.*